

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*પક્ષોનાં ગઠબંધન એ રક્ષાનાં બંધન છે,*
*સૌના છાશવારે ગુન્હાઓ એ રક્ષાનાં બંધન છે,*
*રક્ષાનાં બંધને વધારે સાંસદો પગાર-ભથ્થાં -*
*મળે તપાસે ક્લીનચીટો એ રક્ષાનાં બંધન છે.*
*(નેતાઓનું અંદરોઅંદર રક્ષા બંધન)*

### હાઈકુ

*ખખડે જૂથો!*
*ખેંચતાણ સત્તાની -*
*રક્ષા-બંધન...*
*(કાચા દોરાની મજબૂતી)*

*ધ્યેયો સત્તાનાં,*
*- ને અલગ એજન્ડા,*
*બાંધે ભાવથી...*
*(પવિત્ર 'રક્ષા'નાં સગપણ)*

### ચિંતન

***નૈકં ચક્રં પરિભ્રમયતિ !***

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

માત્ર એક જ પૈડાથી રથ નથી ચાલતો. રથને ચલાવવા માટે જેમ બે પૈડાની આવશ્યકતા પડે છે તેમ રાજય વહીવટ ચલાવવા રાજાને મંત્રીગણની જરુરત પડે છે. ખુશામતખોરોના સહારે એકહથ્થુ શાસન ચલાવનાર રાજાનું રાજય દીર્ઘજીવી નથી નીવડતું. પણ યોગ્ય અને પ્રતિભાશીલ સલાહકારો (મંત્રી ગણ)ની સલાહને અનુસરીને રાજયભાર વહન કરનાર રાજાનું શાસન સુદૃઢ બને છે એટલું જ નહીં, દીર્ઘજીવી નીવડે છે.

રાજવહીવટમાં સરમુખત્યારોને 'હા જી હા' કરનારા 'ચમતા' મળી જાય એ કદાપિ સાચી સલાહ આપતા નથી. ધાકથી આપી નત્થી શકતા, પરિણામે રાજય-વહીવટ નાશ પામે છે.

સંસારમાં પણ રથના પૈડાં સમાન હોવા જોઈએ 'સમાનતા'ના આ યુગમાં માત્ર માન-સન્માનની જ અપેશ્રા રાખનારી સ્ત્રીઓ એ સુખ-દુખમાં પતિનું સાચું ડાબું અંગ બની ઊભા રહેવાની તૈયારી પણ રાખવી જોઈએ.

### સુવિચાર

- જે માણસ પોતાની જાતને સમજી ના શકે...
  મૂલવી ના શકે એ વળી બીજાને શું મૂલવવાના? - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- થાકી ને શું બેઠો છે!! જરા ચાલી તો જો...
  અંધારાની છોડ વાત, આવી દિવાળી તો જો... - **ચિત્રલેખા**
- ખાડા ખાબોચિયા જેવા બંધિયાર ના બનો... મન મૂકીને વરસતા વાદળ જેવા બનો - **હરિન્દ્ર દવે**
- દુનિયા ને ઘડવાના મનોરથો સેવનાર માણસને મોટાભાગે દુનિયાદારી જ ઘડી નાંખે છે - **જીવનસૂત્ર**
- જિંદગી અમૃત હે મેરે રાજા... ઈસે છલકાઓ મત પીઓ ઝયાદા - **શીરાઝ બલોચ**
- શબ્દ સળગાવી પણ દે!! શબ્દ શણગારી પણ દે!! હવે પસંદગી તમારી - **અવિનાશ વ્યાસ**
- આજનું ઔષધ : હાથની બેવ કોણી પર પાણીમાં બોળીને રૂમાલ ટાઈટ બાંધી દેતા ૧૫ મિનિટમાં માથું દુઃખતું મટી જાય છે. **(દીપક વી. આસરા)**

### બોધકથા

નામના-કામના, સ્વાર્થ માટે કરેલું દાન એ દાન નથી પણ દંભ છે. નિર્લેપ અને નિષ્કામ ભાવે કરેલું કોઈ પણ સત્કાર્ય, કર્મ-દાન જ મહાદાન છે.

ગુજરાતના રાજમાતા મીનળદેવીએ 'સોમનાથ' મંદિરમાં સુવર્ણ દાન કર્યું - પણ મનમાં અભિમાનનો અંકુર ફૂટ્યો - મારા જેટલું દાન બીજું કોઈ કરી શકે? રાત્રે ભગવાન મહાદેવ સ્વપ્નમાં આવ્યા અને કહ્યું તારા પછી તરત આવેલી ભીખી નામે મજૂરણે તારા કરતાં પણ મોટું દાન કર્યું છે.

રાજમાતાએ બીજે જ દિવસે તેની શોધ કરાવી બોલાવી લીધી અને પૂછ્યું તેં કેટલાં તોલા સોનું સોમનાથ મંદિરે દાન કર્યું.

મજૂરણે કહ્યું - માતાજી સોનું તો હું કયાંથી કાઢું? મને વેપારીએ બૂંદીનો દૂનો આપ્યો એમાંથી અર્ધો મેં મહાપ્રસાદના ભોગમાં આપ્યો અને અર્ધો ખાવા જતી હતી ત્યાં એક ભિક્ષુકે માગી લીધો - તેને આપી દીધો...

રાજમાથા નિર્લેપ ભાવે થયેલા દાનનું મહત્ત્વ સમજ્યાં.

# ભાઈબહેનના પ્રેમનું પવિત્ર પર્વ

તહેવારો તો ઘણા આવે છે, પણ બળેવ જરા જુદી જ જાતનો તહેવાર છે. એ ભાઈબહેનના પવિત્ર પ્રેમનું પર્વ છે. કાચા સૂતરના તાંતણે બંધાયેલો આ લાગણી ભીનો સંબંધ શ્રાવણની પૂનમે ઊજવાતો હોઈ એમાં ભારોભાર સંવેદના વણાયેલી છે. રક્ષાબંધન પર્વનો પ્રારંભ તો બલિરાજા અને વામન અવતાર પર્યંત લંબાયેલો છે, પરંતુ એ પૌરાણિક કથાનક કરતાં એનો આધુનિક સંદર્ભ વધુ પ્રેરક છે. બહેન માટે એના ભાઈથી વધુ મૂલ્યવાન કોણ હોઈ શકે? એ ભાઈના યોગક્ષેમ માટે જયારે બહેન આંખોમાં ઝળઝળિયાં સાથે પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરતાં કરતાં એની લાગણીના તંતુઓમાંથી રચાયેલી રાખડી એના કાંડા પર બાંધે છે ત્યારે દુનિયાનો તમામ વૈભવ મળી ગયો હોય એવો આધ્યાત્મિક અનુભવ થયો હોય છે. રક્ષાબંધન ફક્ત એક ધર્મ કે સંપ્રદાયનો તહેવાર ન રહેતાં વૈશ્વિક સંદર્ભ ધારણ કરે છે. હુમાયૂંને હિંદુ રાણીએ રાખડી મોકલાવી ત્યારે એણે પણ ધર્મના ભેદ ભૂલીને એના રક્ષણની જવાબદારી ઉઠાવી હતી. આ રક્ષાતંતુ માત્ર બહેન જ ભાઈને બાંધે એવું પણ નથી. મહાભારતના યુદ્ધમાં લવરમૂછિયો અભિમન્યુ રણે ચડ્યો એ પહેલાં કુંતા માતાએ એને રાખડી બાંધી હતી. રાખડી એ આશીર્વાદનું પ્રતીક છે. ગુરુ એના શિષ્યને રાખડી બાંધે છે. બ્રાહ્મણો યજમાનોને રાખડી બાંધે છે. પરંતુ રક્ષાબંધનનું પર્વ એ તમામને અતિક્રમીને લોકહૈયે ભાઈ-બહેનના પ્રેમનું જ મહાપર્વ બની રહ્યું છે. આ દિવસો બ્રહ્માકુમારીઝ જેવી માંગલ્યમય જીવનપ્રેરક સંસ્થાઓની બહેનો જેલમાં જઈને કેદીઓને રાખડી બાંધે છે. ત્યાં સુધી કે પોતાના પતિનું ખૂન કરનાર દુશ્મનને મરનારની વિધવા જાતે આંસુભીની આંખે રાખડી બાંધતી હોય, એવાં દશ્યો પર સરજાતાં રહ્યાં છે. આખરે પ્રેમ તો અમૃત સંજીવની છે. દુનિયાની કોઈ પણ કઠિનત્તમ સમસ્યાનો છેલ્લો ઈલાજ પ્રેમ છે. રક્ષાબંધન આવા પ્રેમનો મહિમા કરતું પૂર્વ છે. વળી 'નારિયેળી પૂનમ' અને 'બળેવ' તરીકે ઓળખાતા આ ત્રિવેણી તહેવારમાં ભૂદેવો એમની જનોઈ બદલે છે. બળેવિયા પોડીને આગામી વરસ કેવું જશે એનો વરતારો જાહેર કરવામાં આવે છે. વિશ્વ આખું વિચ્છેદની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે રક્ષાબંધન જેવું પર્વ માણસ માણસને એકમેકથી નજીક આણવાનું નિમિત્ત બની શકે. ભારતીય સંસ્કૃતિમાં પર્વોનું આયોજન હેતુવિશેષપૂર્વક, ખૂબ જ દૂરંદેશીથી થયેલું છે. દીપોત્સવી એ પ્રકાશનું પર્વ છે, તેમ હોળી અને દશેરા આસુરી તત્ત્વો પર સત્ તત્ત્વોના વિજયનાં પર્વો છે. નવરાત્રી શક્તિપૂજાનું પર્વ છે. રક્ષાબંધન ભાઈબહેનના સંબંધોના શાશ્વત સ્નેહનો તહેવાર છે. એમાં બહેન તો ભાઈને સુતરનાં તાંતણે બાંધીને હૈયાના આશીર્વાદ પાઠવે છે પણ સામે પોતાના યોગક્ષેમની જવાબદારી પણ સોંપી દે છે. આજે જયારે છાશવારે ગેંગરેપની અને જાતીય શોષણની ઘટનાઓ બનતી રહે છે ત્યારે રક્ષાબંધન જેવા પર્વની પ્રાસંગિકતા સવિશેષ ઉજાગર થયા વિના નહીં જ રહે. જો દરેક ભાઈ એની બહેનની રક્ષણની પ્રતિજ્ઞા લેશે તો આવી દુર્ઘટનાઓ જરુર નિવારી શકાશે. આખરે તો રાક્ષસી હવસનો ભોગ બનનારી સ્ત્રી પણ કોઈની બહેન જ હોય છે. આપણામાં આવી 'ભગિનીવૃત્તિ' વિકસે તો આવી સમસ્યા સરજાય ખરી? જો કે ભાઈને બહેનની ઢાલ બનીને રહેવાનો ખર્ચ એ નહીં કે બહેનને એની પસંદગીની જિંદગી જીવવાનો અધિકાર જ નથી. બહેનને એની રીતે જીવવા માટેની અનુકૂળતા કરી આપે તે જ સાચો ભાઈ-જયારે કૌટુંબિક ખાનદાનીના નામે પ્રેમી સાથે ભાગી ગયેલી બહેનને સગાભાઈ દ્વારા ભડાકે દેવાયાની ઘટના બને છે ત્યારે આ પવિત્ર સંબંધ પર પ્રશ્નાર્થ લાગી જાય છે.

**તંત્રીસ્થાનેથી...**



## પહેલું સુખ તે જાતે નર્યા


ડો. કેદાર ઉપાધ્યાય

# શરદી-ઉધરસમાં અક્સીર - શૃંગ્યાદિ ચૂર્ણ

ચોમાસુ એટલે ડોક્ટરોની સીઝન. જનરલ પ્રેક્ટીશનરો અને ફીઝીશીયનોને શ્વાસ લેવાનો ટાઈમ ન હોય એટલી બધી ભીડ. ચોમાસુ શરૂ થાય કે ઝાડા-ઉલ્ટી અને શરદી-ઉધરસના કેસ શરૂ થાય. શરદી-ઉધરસ વણબોલાવ્યા મહેમાનની જેમ અબાલવૃધ્ધ સૌને લાગૂ પડી જાય. વળી, ઝટ કરીને જવાનું નામ પણ ન લે. છોકરાવ તો બહુ હેરાન થાય. રાત્રે નાક બંધ થઈ જાય, એટલે પુરતી ઉંઘ ન થાય (માં-બાપને પણ ચિંતા સાથેના ઉજાગરા થાય), ખાવાપીવાનું ભાવે નહિં (બાળકોને ભાવતા દહિં-છાશ,ચોકલેટ,આઈસક્રીમ, ફળો આદિ શરદી વધારનારા હોવાથી બંધ થઈ જાય), સ્વભાવ ચિડીયો થઈ જાય, અને સ્કૂલમાં બીજા પાંચ-સાત છોકરાને આવી જ શરદી-ઉધરસ થઈ હોય એટલે એકબીજાના ચેપનો વાડકી વ્યવહાર થાય એટલે શરદી સાવ મટવા જ આવી હોય ત્યાં ફરી થાય.

આ બધી માથાકૂટમાં ન પડવું પડે અને જો પડી ગયા હોઈએ તો જલ્દીથી ઉગરી જવાય એ માટે આયુર્વેદમાં બહું બધુ સંશોધન-વર્ણન છે. શરદી-ઉધરસ માટે આયુર્વેદમાં અનેક ઔષધો અને ઔષધયોગો છે. આમાના જ એક ખૂબ પ્રભાવશાળી અને ઘરે બનાવી શકાય તેવા નિર્દોશ યોગની આજે વાત કરીએ. આ યોગ એટલે શૃંગ્યાદિ ચૂર્ણ. આ ચૂર્ણ બારેમાસ ઘરમાં વસાવવા જેવું છે. અબાલવૃધ્ધ દરેકને ઉપયોગી છે અને વળી સાઈઈફેક્ટ મુક્ત છે.





શૃંગ્યાદિ ચૂર્ણમાં પડતા ઓસડીયા બહુ સરળતાથી પ્રાપ્ય છે. ગાંધીને ત્યાં થી આસાની થી મળી રહે. ફાર્મસીવાળા તૈયાર શૃંગ્યાદિ ચૂર્ણ પણ બનાવે છે. એ પણ તાજુ લઈ શકાય. જો આ ચૂર્ણ ઘરે બનાવવું હોય તો આ રહી તેની રીત.

શૃંગ્યાદિ ચૂર્ણનાં ઓસડીયા કાકડાશિંગી, અતિવિષની કળી, સૂંઠ, મરી, પીપર, નાગરમોથ, હરડા, બહેડા, આમળા, પુષ્કરમૂળ, ઉભી ભોરીંગણી, સિંધવ, સંચળ, મીઠું, જવખાર, અને બીડલવણ સરખા ભાગે લેવા. તેને વસ્ત્રગાળ કરી મિક્સ કરી લેવા. તૈયાર થઈ ગયું શૃંગ્યાદિ ચૂર્ણ. બાળકોને એક ચપટી જેટલું સવાર-સાંજ મધ સાથે ચટાડી દેવું. મોટાઓ એક-દોઢ ગ્રામ સુધીની માત્રામાં લઈ શકે. આના નિયમીત ઉપયોગથી શરદી,ઉધરસ, સુકી ઉધરસ, કફનો ભરાવો, શ્વાસ, અરૂચિ, એલર્જી આદિમાં ચોક્કસ રાહત થાય છે.

શૃંગ્યાદિ ચૂર્ણને અલગ અલગ રોગોમાં અલગ અલગ ઔષધો સાથે સંયોજન સ્વરૂપે લેવાથી બહું સુંદર પરિણામ મળે છે. જેમકે, શ્વાસમાં શૃંગ્યાદિ ચૂર્ણ સાથે શ્વાસ-કાસ ચિંતામણી રસ અને ભારંગ્યાદિ ક્વાથ લઈ શકાય. રાત્રે આવતી સુકી ઉધરસમાં શૃંગ્યાદિ ચૂર્ણ સાથે ભારંગ્યાદિ ક્વાથ અને કંટકારી અવલેહ લઈ શકાય, સાથે જેઠીમધનું લાકડુ ચુસવું. ભૂખ ન લાગતી હોય તેવા કિસ્સામાં શૃંગ્યાદિ ચૂર્ણ સાથે ચિત્રકાદિ વટી અને અરવિંદાસવ લઈ શકાય. ગળાનાં ઈંફેક્શનમાં અને કાકડા વધતા હોય તેવા કેસમાં શૃંગ્યાદિ ચૂર્ણ સાથે હરિદ્રાખંડ ચૂર્ણ કે હળદર લઈ શકાય. કફનો ખૂબ ભરાવો થઈ ગયો હોય તેમા શૃંગ્યાદિ ચૂર્ણને અભ્રક ભસ્મ કે શૃંગ ભસ્મ તેમજ કનકાસવ સાથે લઈ શકાય.

જે લોકોને શરદી-ઉધરસ અને કફનો કોઠો હોય તેઓ ચોમાસા અને શિયાળાની શરૂઆતથી જ યોગ્ય માત્રામાં શૃંગ્યાદિ ચૂર્ણ લે તો તેઓને શરદી-ઉધરસમાં આરામ તો રહે જ, પણ લાંબા ગાળે મૂળમાંથી આ રોગો દૂર થઈ શકે. નિર્દોષ અને અસરકારક એવા શૃંગ્યાદિ ચૂર્ણને બારેમાસ ઘરમાં વસાવી શકાય.

- contact@atharvaayu.com

# કસુંબલ રંગના ગાયકને સલામ!

આપણા ગુજરાતમાં જે માણસ થોડુંઘણું ભણેલો હોય અને ગુજરાતી ભાષાની વાર્તા-કવિતા વાંચવામાં લગીરેક રસ ધરાવતો હોય, એણે ઝવેરચંદ મેઘાણીનું નામ ના સાંભળ્યું હોય એવું કોઈ કાળે બને નહીં. કદાચ કોઈ આવો વીરલો આપણને ભેટી જાય તો એણે કમસેકમ 'શિવાજીનું હાલરડું' અને 'કસુંબીનો રંગ' કાવ્યો વાંચ્યા ના હોય એવું કદાચિત બની શકે પણ સાંભળ્યા ય ના હોય તેવું તો કોઈ સંજોગોમાં બનવા પામે નહીં. આ બે ગીતો ભણેલાઓ તો ઠીક ગુજરાતના લાખોની સંખ્યામાં ગણી શકાય તેટલા અભણ લોકોએ પણ સાંભળ્યા હશે. પહેલાંના સમયમાં, એટલે હજુ માંડ પચીસેક વર્ષ પહેલાં જયારે ઘેર ઘેર મનોરંજનના મેજીક બોક્સ આવ્યા ન હતા ત્યારે ભજનગીતો, ભવાઈ અને લોકસંગીતના ડાયરા લોકોના મનોરંજનની ભૂખને સંતોષતા. આવા ડાયરાઓમાં જયારે 'કોઈનો લાડકવાયો' રજૂ થતું ત્યારે પ્રત્યેક શ્રોતા આંસુ લૂંછતો થઈ જતો, 'શિવાજીનું હાલરડું' રજૂ થતું ત્યારે માતાઓ ખોળામાં સૂતેલા બાળકને ધવરાવવાનું ભૂલી જતી અને કાચાકુંવારા કિશોરો શિવાજી બનવાના સ્વપ્નો જોવા લાગતા. ડાયરાને અંતે, 'કુસંબીનો રંગ' ગાયકોના ગળામાંથી જયારે રેલાતો ત્યારે યુવાનોની ધમનીઓમાં વહેતા રક્તનો વેગ બમણો થઈ જતો. આઝાદીની લડત વખતે 'કસુંબીનો રંગે' નવલોહિયાઓને કેવો પાનો ચડાવ્યો હશે એની કોઈ અનુભવીની વાત સાંભળીએ કે વાંચીએ તો કદાચ અડધી પડધી ખબર પડે. આવા મેઘાવી - મેઘાણીની તા. ૧૭મી ઓગસ્ટે જન્મતિથિ હતી એની ઉજવણી કેવી અને કયાં થઈ એના સમાચાર કોઈ છાપામાં છપાયા હોય તો એના તંત્રી સંપાદકને આપણી સો સો સલામ!

૧૮૯૭ની ૧૭મી ઓગસ્ટે, શ્રાવણ વદ પાંચનના રોજ ચોટીલા મુકામે ઝવેરચંદ મેઘાણીનો જન્મ થયો હતો. પિતાનું નામ કાળીદાસ અને માતાનું નામ ધોળીભાઈ. જૈન વણિક કુટુંબ. મૂળ રહેવાસી બગસરાનું પણ પિતાની કાઠિયાવાડ પોલીસ એજન્સીમાં નોકરી હોવાના કારણે જુદા જુદા સ્થલે બદલીના કારણે જવું પડતું. જેના કારણે મેઘાણીએ બાળપણમાં જ એનક ગામડાંનાં પાણી પી લીધેલા. પ્રાથમિ શિક્ષણ રાજકોટ દાઠા, પાળિયાદ બગસરામાં થયું. માધ્યમિક શિક્ષણ વઢવાણ કેમ્પમાં પૂરું થયું અને ૧૯૧૨માં મેટ્રિક થયા. કૉલેજનું શિક્ષણ લેવા જૂનાગઢની બહાહુદ્દીન કૉલેજમાં ગયા પણ પૂર્ણ કર્યું ભાવનગરની શામળદાસ કૉલેજમાં. ૧૯૧૬માં અંગ્રેજી-સંસ્કૃત સાથે બી.એ. થયા. એમ.એ. કરવાની તૈયારી કરી પણ અધૂરી રહી. ૧૯૧૭માં કલકત્તાની જીવણલાલ લિમીટેડની એલ્યુમિનિયમ કંપનીમાં જોડાયા. ત્યાં ત્રણ વર્ષ કામ કર્યું. પણ સાહિત્યકાર રસિક આત્મા એમાં ચોંટ્યો નહીં. ૧૯૨૧માં પાછા બગસરા આવ્યા અને ૧૯૨૨માં દયમંતીબેન સાથે લગ્નસંબંધથી જોડાયા. એ સમયે રાણપુરમાં 'સૌરાષ્ટ્ર' પત્ર શરુ થયું. એમાં મેઘાણીએ બે-ત્રણ લેખ મોકલાવેલા. 'અમર રસની પ્યાલી' અને 'ચોરાનો પોકાર', 'સૌરાષ્ટ્ર' પત્રમાં છપાયા. તંત્રી અમૃતલાલ શેઠે મેઘાણીની શક્તિઓ પારખી લઈ 'સૌરાષ્ટ્ર'માં જોડાવા આમંત્રણ આપ્યું. 'સૌરાષ્ટ્ર'ના ભાગ્યની સાથોસાથ ગુજરાતી વાચકોના નસીબ પણ ખુલી ગયા. સૌરાષ્ટ્ર બંધ પડ્યું પછી 'ફુલછાબ' શરુ થયું. હજીયે ચાલે છે. પણ પેલા 'કલમ અને કિતાબ'ની કોલમ લખનારો ઝવેરચંદ મેઘાણી હવે કયાંથી મળવાનો?

બગસરામાં હતા ત્યારે કુરબાનીની કથાઓ અને ડોશીમાની વાતો લખેલી. રાજકોટ આવી સૌરાષ્ટ્રની રસધાર શરુ કરી. પછી તો સોરઠી બહારવટિયા, હાલરડાં, ચુંદડી, સોરઠી સંતો, ચૂંદડી, રઢિયાળી રાત સહિત ઘણા પુસ્તક એમની કલમે લખાયા.

૧૯૨૬માં 'વેણીનાં ફૂલ' ના બાળગીતોથી મેઘાણીએ કાવ્યો લખવાનું શરું કર્યું. ૧૯૩૦માં 'સિંધુડો' આવ્યો જેણે અંગ્રેજી સરકારને ખળખળાવી નાખી. 'સિંધુડો' જપ્ત થયો શું હતું એમાં?

નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,
ખબર છે એટલી કે માતની હાકલ પડી છે.

અંગ્રેજી સલ્તનત સામે જંગે ચડેલા યુવાનોના હૈયામાં આ પંક્તિઓ કોતરાઈ ગયેલી, દાંડીકૂચના ૨૧મા દિવસે પોલીસે મેઘાણીને ગિરફતાર કર્યા. વોરંટ કોઈ 'જોડાણી' ના નામનું હતું અને પોલીસ પકડી ગઈ મેઘાણીને. કોર્ટમાં કેસ ચાલ્યો ત્યારે હજારોની મેદની એકઠી થયેલી. મેઘાણીએ ન્યાયાધીશ સામે લલકાર્યું.

હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ,
કલેજા કાંપતી, કંપાવતી અમ ભયકથાઓ.



## મનના ઉમંગો

રણછોડ પરમાર

મૂળે, આઈરીશ કવિ વીર મેકસ્વીની પ્રાર્થનાના એક ઉદ્ગાર પરથી આ કાવ્ય લખાયેલું. પણ એમાં ભારતીયોના દુઃખ-દર્દ વેદના એવા વર્ણવ્યા છે કે જેમ જેમ પ્રાર્થના આગળ ચાલી, સેંકડોની આંખો ભીંની થવા માંડી. છેલ્લે મેજિસ્ટ્રેટ મિ. ઈસાણી પણ જાત પર સંયમ જાળવી ના શક્યા. મેઘાણી આસને બેઠા પછી દસેક મિનિટ તો સાંભળનારી જનતાની સાથે દિવાલો પણ સ્તબ્ધ થઈ ગયેલી. મનમાં ખૂબ ઈચ્છા છે કે કોઈ વાર કેવળ આ જ કવિતાની પેટભરીને વાતો કરીએ. પણ આજે તો આપણે સાંભળીયે, જેની તમે કયારના રાહ જોઈને બેઠા છો તે ગીત : 'કસુંબીનો રંગ' આજે રક્ષાબંધનના દિવસે વહાલી બહેનો વહાલા વીરાઓને મીઠાઈના કટકામાં થોડોક કસુંબલ રંગ ભેળવીને ખવરાજવો.

કંસુબીનો રંગ
લાગ્યો કસુંબીનો રંગ - રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ!
જનનીના હૈયામાં પોઢંતા પોઢંતા પીધો કસુંબીનો રંગઃ
ધોળાં ધાવણ ધરી ધારાએ ધારાએ પામ્યો કસુંબીનો રંગ. - રાજ...
બહેનીને કંઠે નીતરતાં હાલરડાંમાં ઘોળ્યો કસુંબીનો રંગ;
ભીષણ રાત્રિ કેરા પહાડોની ત્રાડોએ ચોળ્યો કસુંબીનો રંગ. - રાજ...
દુનિયાના વીરોનાં લીલાં બલિદાનોમાં ભભક્યો કસુંબીનો રંગ;
સાગરને પારે સ્વાધીનતાની કબરોમાં મહેંક્યો કસુંબીનો રંગ. - રાજ...
ભક્તોના તંબુરથી ટપકેલો મસ્તીભર ચાખ્યો કસુંબીનો રંગ;
વહાલી દિલદારાના પગની મેંદી પરથી ચૂમ્યો કસુંબીનો રંગ. - રાજ...
નવલી દુનિયા કેરાં સ્વપ્નોમાં કવિઓએ ગાયો કસુંબીનો રંગ;
મુક્તિને કયારે નિજ રક્તો રેડણહારે પાયો કસુંબીનો રંગ. - રાજ...
પીડિયની આંસુડાધારે - હાહાકારે રેલ્યો કસુંબીનો રંગ;
શહીદોના ધગધગતા નિશ્વાસે નિશ્વાસે સળગ્યો કસુંબીનો રંગ. - રાજ...
ધરતીના ભૂખ્યાં કંગાલોને ગાલે છલકાયો કસુંબીનો રંગ;
બિસ્મિલ બેટાઓની માતાને ભાલે મલકાયો કસુંબીનો રંગ. - રાજ...
ધોળી ધોળી પ્યાલા ભરિયા : રંગીલા હો! પીજો કસુંબીનો રંગ;
દોરંગા દેખીને ડરિયાં : ટેકીલાં હો! લેજો કસુંબીનો રંગ! - રાજ...
રાજ, મને લાગ્યે કસુંબીનો રંગ - લાગ્યો કસૂંબીનો રંગ.

- ઝવેરચંદ મેઘાણી

# મારો દેશ ઈશ્વરવાદી, પ્રભુનિષ્ઠ ધર્માધિષ્ઠિત બને... વિશ્વગુરુના સ્થાને બિરાજે એવું સ્વપ્ન આંખે આંજ્યું છે...

*મને ઊંડી મહોબ્બત છે, સદા મારા વતન માટે,*
*છતાં એથી ઊંડી અધિક જગતના સર્વજન માટે.*
*નથી નમતો કદી પણ હું, કદી પણ હું નથી ઝૂકતો.*
*નથી આ મારું મસ્તક, કોઈ વ્યક્તિના નમન માટે*


સ્વાતંત્ર્યદિન આવ્યો...ને...ગયો... સર્વત્ર ત્રિરંગા લહેરાઈ ઊઠ્યા... ભવ્ય સમારંભો યોજાયા... દેશભક્તિના ઠેકેદારોએ શબ્દો વહેવડાવી રાષ્ટ્રને ભીંજવી દીધું.... સ્વાતંત્ર્ય પર્વનો જય જયકાર કરતા અગ્રલેખોથી અખબારીધર્મ બજાવાયો... ચોગરદમ દેશપ્રેમ ઊભરાયો... આપણે બધા ધન્ય ધન્ય થઈ ગયા...!!

દર વર્ષે રાષ્ટ્રીયપર્વના ડંકા વાગેને ઘોરનિંદ્રામાંથી દેશપ્રેમ ઘડીક જાગે ને પાછો કુંભકર્ણની માફક નસકોરાં બોલવા માંડે... પ્રત્યેક ભારતવાસી પોતાની જાતને સવાલ કરે કે દેશભક્તિ – રાષ્ટ્રભાવનાનો ઉન્માદ માત્ર આમ એક જ દિવસ પૂરતો જ?

દોસ્તો, આઝાદીના સાત દાયકા પસાર કરી ચૂક્યા છીએ... આજે સાત દાયકાપૂર્વેનું આત્મબલિદાન કે શહીદી વહોરવાના દિવસો નથી રહ્યા... હવે તો દેશ પ્રત્યે વફાદાર રહેવાની જરૂરિયાત છે... આપણા વ્યક્તિત્વ અને ચારિત્ર્ય સાથે રાષ્ટ્રભાવના વણાઈ જાય એવું વાતાવરણ સર્જવાની જરૂર છે. વરવા સાંપ્રતમાં ઘણું બધું કહી જતી બે ફિલ્મો – "કબાલી" અને "મદારી" જરા ધ્યાનથી જોજો.... દેશપ્રેમની આડમાં સત્તા-સંપત્તિ ને સર્વસ્વ માનનારી ગીધડાંની જમાત ગાંધીના દેશને ચૂંથી રહી – લૂંટી રહી છે..... દંભી, ઢોંગી ને પ્રપંચી તક સાધુઓ તો સૂક્ષ્મ દેશદ્રોહીઓ છે.... સ્વાર્થ લોલુપ, વિકૃત અને ઈશ્વર તથા માનવ સમાજ સાથે કપટ કરનારા કુત્રિમ દંભી દેશભક્તોને વીણી વીણીને બહાર ખેંચી કાઢી એનો નાશ કરીએ ત્યાં સુધી એક શાંત, સુખી દુનિયા સાંપડવાની નથી... રામરાજ્યની કલ્પના કલ્પના જ રહી જશે... "સોને કી ચીડીયા" ને લૂંટી વિદેશી બેન્કોમાં કાળું નાણું જમા કરાવનારા અને ભ્રષ્ટાચારની પૂજા કરતા બદમાશો છછૂંદરની જેમ ફૂંક મારી મારીને દેશને કોતરી રહ્યા છે... આજે આપણી આંખ સામે રાજકારણ, અર્થકારણ, સમાજકારણ, ધર્મકારણ, શિક્ષણ, વહીવટ, પત્રકારત્વ, વગેરે વગેરે... ભ્રષ્ટાચારથી કલંકિત થયો છે... આજે પણ અનેકવિધ સમસ્યાઓ સર્વને પીડતી રહી છે... આઝાદી પછી કહેવાતું "દૂધ ઘીની નદીઓ વહેશે..." પરંતુ આજે...?

મિત્રો, રાષ્ટ્રભાવના તો જીવનનો અંતરંગ રંગ છે... દેશભક્તિ તો પ્રશાંત... હોય... ઉછાંછળી ન હોય... બનાવટી કે દંભી ન હોય... રોજીરોટી રળવા જે કામ કરતા હો એમાં નિષ્ઠાપૂર્વક મહેનત કરતા હો, કામચોરી ન કરતા હો... ખૂણા કાપતા ન હો... લાંચરુશ્વતથી દૂર રહેતા હો... તો તમે દેશભક્ત જ છો... આજના ભારતની અવદશાનું જો એક સબળ કારણ હોય તો "વર્ક-કલ્ચર"નો નાશ છે. મોટેભાગે પ્રામાણિક પરિશ્રમ કર્યા વગર સહેલાઈથી અને ઝડપથી યેનકેન પ્રકારે પૈસા જ બનાવવા સૌ મંડી પડ્યા છે...એ પછી ભલે ડૉક્ટર હોય કે ઈજનેર, શિક્ષક હોય કે વકીલ, વેપારી હોય કે ગ્રાહક માનવજીવનના પ્રત્યેક ક્ષેત્રમાં અપ્રામાણિકતાનો એરુ અભડાયો છે... માત્ર પચાસ ટકા લોકોમાં જો નિષ્ઠાને પ્રમાણિક "વર્ક – કલ્ચર" આવે તો દેશ કલ્પનાતીત ઊંચાઈઓ આંબી શકે એમાં કોઈ બેમત નથી...

માતૃભૂમિ પ્રત્યેનો પ્રેમ, પ્રભુની સકલ સૃષ્ટિ પ્રત્યેનો પ્રેમ, એ તો એક મનુષ્યત્વનું સાવ સ્વાભાવિક લક્ષણ છે એ કઈ દેખાડાની ચીજ નથી... પ્રત્યેક નાગરિક પોતાના અંગત જીવનમાં સત્યનો આદર કરતો હોય, કોઈ લઘુત્તમ મૂલ્યોને સહારે જીવન જીવતો હોય, નમ્રતા, પ્રેમ, સહનશીલતા, સંતોષ, સંવેદના જેવા મનુષ્યત્વના પાયાના ગુણો કેળવવા હર હંમેશ જાગ્રત હોય... તો તે સાચો દેશભક્ત જ છે... ધનલોભી કે નર્યા ભોગવાદી બની અનૈતિક નાણું ભેગું કરવા મથતા હો તો તમે એક નંબરના દેશદ્રોહી જ છો... માણસનો માણસ તરીકે સ્વીકાર કરવાની પૂર્ણપણે માનસિકતા કેળવાયેલી હોય એ પણ એટલી જ જરૂરી બાબત છે. કોઈપણ માણસને ધર્મ, જાતિ, રૂપ – રંગ, આર્થિક – સામાજિક માપદંડથી માપી ઊંચનીચના ખ્યાલો રાખી વ્યવહાર વર્તન આદરતા હો કે વૈમનસ્યભરી નફરત ધરાવતાં હો, પ્રપંચીઓના પાપચારમાં જોડાઈ સચ્ચાઈને દબાવવા મથતા હો તો તમે પૂરેપૂરા દેશદ્રોહી જ છો.... આ વાત હવે ગોખવી પડશે... જીવનમાં વણવી પડશે... નરી આદર્શની પોપટવાણી પઢવાનું છોડી સૌ સાચ્ચેસાચા પારદર્શી માણસ બને તોયે ઘણું છે... અરે, તમારા રોજીંદા જીવનમાં માણસાઈના દીવડા પેટાવવા યત્કિંચિત પ્રમાણિક પ્રયત્ન કરતા હો તો તમે એક મહાન દેશભક્ત જ છો... દોસ્તો, છેલ્લે તો હું એમ પણ માનું છું કે આપણી રાજયવ્યવસ્થા લોકશાહી છે... લોકશાહીમાં વ્યક્તિનું આત્મગૌરવ થવું જોઈએ... હું પ્રભુપુત્ર છુ. પ્રભુનો જ અંશ છુ. સમર્થનો સમર્થ છું.. દીન – હીન – દુબળો – લાચાર – હલકો – બિચારો – બાપડો નથી.. માગણ નથી... મફતનું લઈશ નહિ... સૃષ્ટિ સર્જક મારામાં આવી બેઠો છે... મારું મસ્તક જ્યાં ત્યાં ન નમે... આ ગરીમા ને ગૌરવ દીપાવો... ખુમારી રાખો... ખરીદાશો નહી... ગાંધી – સરદાર – સુભાષનાં તપને ત્યાગ તો ખરા જ... પ્...ણ... ઈશશક્તિના પ્રેરકે જ આઝાદી અપાવી છે.... એ કેમ ભૂલાય?!!!



## લાગણીનો મેળો

રસિક વાળંદ

મારો દેશ ઈશ્વરવાદી, પ્રભુનિષ્ઠ ધર્માધિષ્ઠિત બને.... વિશ્વગુરુના સ્થાને બિરાજે એવું સ્વપ્ન આંખે આંજ્યું છે... આપણા સૌની મતિ – શક્તિ – સામર્થ્ય એવાં બની રહો એ જ મંગલ કામના...!

***સ્પર્શમણિ :***

*આપણો દેશ!*
*પછી તે સાચો હોય કે ખોટો.*
*એ જયારે સાચો હોય ત્યારે*
*સાચો રહે તેમ કરવું*
*એ ખોટો હોય ત્યારે*
*એ સાચો બને તેવું કરવું....*

- કાર્લશુઝ (૧૮૨૯)

- Rasikvaland1965@gmail.com